# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


150 YEARS OF CELEBRATING THE MAHATMA

તા.૧૭/૧૨/૨૦૧૮

ક્રમાંક: યોજના/**Election**/૨૦૧૮/૫૨૪

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ
ભાવનગર

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૮ની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ : કમિશનર શાળાઓની કચેરી પત્રાંક માધ્ય/પરચ/૨૦૧૮/૨૭૫૨૧-૫૪, તા. ૧૩/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય સંદર્ભદર્શીત પત્ર મુજબ ચૂંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપનાના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા મતદાતા દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે માટે તા.૨૫ જાન્યુઆરી,૨૦૧૯ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આપની શાળામાં પતિજ્ઞાપત્ર મુજબ પ્રતિજ્ઞા લેવામાં આવે તે મુજબની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

- કાર્યક્રમનો અહેવાલ સંખ્યા સાથે અને ફોટોગ્રાફ લઈ **yojana.deobhav@gmail.com** પર મોકલી આપવા.

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>**

શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner

ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૮ 27521-54
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. 13/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી ,
તમામ

વિષય : રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૯ ની ઉજવણી કરવા બાબત
સંદર્ભ : ક્રમાંક:પરચ-૧૨૨૦૧૮-૪૩૦-વ.૨, શિક્ષણ વિભાગ, તા. ૦૭/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય તથા શિક્ષણ વિભાગના તા. ૦૭/૧૨/૨૦૧૮ ના પત્ર ની નકલ આ સાથે સામેલ રાખી જણાવવાનું કે , ચુંટણી પંચ , નવી દિલ્હીની સ્થાપનાના દિવસને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે માટે તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આપની કચેરી તથા તાબા હેઠળની શાળાઓમાં પ્રતિજ્ઞાપત્ર મુજબ પ્રતિજ્ઞા લેવામાં આવે તે મુજબની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બીડાણ : ઉપર મુજબ

Scanned by CamScanner

ક્રમાક-પરચ-૧૨૨૦૧૮-૪૩૦-વ.૨

ગુજરાત સરકાર .

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાધીનગર

તા-૦૭/૧૨/૨૦૧૮

પ્રતિ,

(૧) ઉપ સચિવશ્રી,(મહેકમ) શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર

(૭) કમિશ્નરશ્રી,મધ્યાહ્ન ભોજન યોજના,બ્લોક નં ૧૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) સ્ટેટ પ્રોજેકટ નિયામકશ્રી,સર્વ શિક્ષા અભિયાન,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર નં ૧૭ ગાંધીનગર

(૯) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ડો.જીવરાજમહેતા ભવન,ગાંધીનગર

(૧૧) નિયામકશ્રી,ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ,સેકટર-૧૦,ગાંધીનગર

(૧૨) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરિક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર

(૧૩) નિયામકશ્રી એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા,અમદાવાદ.

(૧૪) નિયામકશ્રી શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ

વિષયઃ- રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૯ની ઉજવણી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૧૨/૨૦૧૮ પત્ર ક્રમાંકઃ એન.વી.ડી.-૧૦૨૦૧૮-૪૦૫૧-છ(SVEEP)ની નકલ આ સાથે સામેલ રાખી જણાવવાનું કે, ચૂંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપનાના દિવસને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. માટે તા.૨૫ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ શકયત સવારે ૧૧/૦૦ કલાકે આપની કચેરી તથા તાબાની કચેરીઓમાં તેમજ શાળાઓમાં પ્રતિજ્ઞાપત્ર મુજબ પ્રતિજ્ઞા લેવામાં આવે તે મુજબની નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ

Scanned by CamScanner

ક્રમાંક : એનવીડી-૧૦૨૦૧૮-૪૦૫૧ -છ (SVEEP)

મજબૂત લોકશાહી - સૌની ભાગીદારી

सत्यमेव जयते

ડૉ. એસ. મુરલી ક્રિષ્ણા, આઈએએસ
મુખ્ય નિર્વાચન અધિકારી
અને સચિવ,
ગુજરાત રાજ્ય

સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ : ૦૫-૧૨-૨૦૧૮

પ્રતિ,

અધિક મુખ્ય સચિવશ્રી /અગ્ર સચિવશ્રી / સચિવશ્રી

સચિવાલયના સર્વે વિભાગો

વિષયઃ- રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૯ ની ઉજવણી બાબત.

શ્રીમાન,

ચૂંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપનાના દિવસને કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય મતદાતા દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે ૨૫મી જાન્યુઆરીના રોજ રાજય કક્ષાએથી લઈ મતદાન મથક સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તદનુસાર રાષ્ટ્રીય મતદાતા દિવસ, ૨૦૧૯ ની ઉજવણી તા.૨૫-૦૧-૨૦૧૯ ના રોજ કરવામાં આવનાર છે. ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞા પત્ર નિયત કર્યુ છે જે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યકિતઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની રહે છે. આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી તા.૨૫-૦૧-૨૦૧૯, શુક્રવારના રોજ કરવામાં આવનાર છે. ચૂંટણી પંચ, નવી દિલ્હીની સુચના અનુસાર આ પ્રતિજ્ઞા આપના વિભાગના પ્રત્યેક અધિકારી / કર્મચારીઓ ધ્વારા તથા આપના વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓના તમામ અધિકારી / કર્મચારીઓ ધ્વારા પણ લેવામાં આવે તે પ્રમાણેનું આયોજન કરવા વિનંતી છે. પ્રતિજ્ઞા પત્રની અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી નકલ આ સાથે સામેલ રાખેલ છે જે આપના વિભાગમાં તથા ખાતાના વડાની કચેરીઓમાં પરિપત્રિત કરાવી તા.૨૫-૦૧-૨૦૧૯ ના રોજ શકયતઃ સવારે ૧૧-૦૦ કલાકે આ પ્રતિજ્ઞા લેવામાં આવે તે પ્રમાણે વ્યવસ્થા કરવા વિનંતી છે.

આ પ્રતિજ્ઞા પત્ર આપના વિભાગમાં તથા આપના વિભાગ હસ્તકની ખાતાના વડાની તમામ કચેરીઓમાં જાહેર નોટિસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવામાં આવે તેવી વ્યવસ્થા પણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસું

(ડૉ.એસ.મુરલી ક્રિષ્ણા)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

બિડાણ : પ્રતિજ્ઞા પત્ર

ટેલીફોન : (કચેરી) ૦૭૯-૨૩૨૫૦૩૧૮, ૦૭૯-૨૩૨૫૦૩૧૬ ફેકસ : ૦૭૯-૨૩૨૫૦૩૧૭
E-mail : ceo_gujarat@eci.gov.in, Website : ceo.gujarat.gov.in

Scanned by CamScanner

# ELECTION COMMISSION OF INDIA

Pledge For National Voters' Day, 25th January 2019

"हम, भारत के नागरिक, लोकतंत्र में अपनी पूर्ण आस्था रखते हुए यह शपथ लेते हैं कि हम अपने देश की लोकतांत्रिक परम्पराओं की मर्यादा को बनाए रखेंगे तथा स्वतंत्र, निष्पक्ष एंव शांतिपूर्ण निर्वाचन की गरिमा को अक्षुण्ण रखते हुए, निर्भीक होकर, धर्म, वर्ग, जाति, समुदाय, भाषा अथवा अन्य किसी भी प्रलोभन से प्रभावित हुए बिना सभी निर्वाचनों में अपने मताधिकार का प्रयोग करेंगे"

"We, the citizens of India, having abiding faith in democracy, hereby pledge to uphold the democratic traditions of our country and the dignity of free, fair and peaceful elections, and to vote in every election fearlessly and without being influenced by considerations of religion, race, caste, community, language or any inducement"

Scanned by CamScanner

## મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

Scanned by CamScanner